1. ભારતના રાષ્ટ્રીય અભિલેખાગારમાં કઈ માહિતી નિરૂપાયેલી છે?

- ભારતના રાષ્ટ્રીય અભિલેખાગારમાં યુરોપીય પ્રજાઓના ભારતમાં તેઓના વસવાટ અને તેમની પ્રવૃત્તિઓને લગતી વિવિધ દસ્તાવેજ સ્વરૂપે ઐતિહાસિક માહિતી આપે છે.

2. પોર્ટુગીજો અંગેની માહિતી માટે કયા ઇતિહાસકારના દરવાજો વધુ વિમોશનય માનવામાં આવે છે?

- શ્રી એફ ડી. ડનવર્સના દસ્તાવેજો.

3. બ્રિટિશરોએ હિંદમાં ક્યારથી સિક્કા પદ્ધતિ અમલમાં મૂકી?

- બ્રિટિશરોએ હિંદમાં ઈ.સ. 1834માં સિક્કા પદ્ધતિ અમલમાંમૂકી.

4. કંપનીના શાસનકાળ દરમિયાન કેવા સિક્કાઓ હતા ?

- કંપનીના શાસનકાળ દરમિયાન સોનાના ગીની પ્રકારના, ચાંદીના અને ત્રાંબાના સિક્કા હતાં,

5. કયા રાજાના સિક્કાઓ 'બોડિયા રાજાના' સિક્કા કહેવાતા?

- એડવર્ડ સાતમાના સિક્કાઓ 'બોડિયા રાજાના સિક્કા' તરીકે ઓળખાય છે.

6. ઇતિહાસ લેખન માટે કયાંકયાં સામાજિક વિજ્ઞાનનો આધાર જરૂરી બને છે?

- ઇતિહાસ લેખન માટે સમાજશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, અર્થશાસે, ભૂગોળ અને માનસશાસ્ત્ર જેવા સામાજીક વિજ્ઞાનોનો આધાર લેવો પડે છે.

7. કયા પ્રાકૃતિક વિજ્ઞાનોએ ઇતિહાસને સમૃદ્ધ બનાવ્યું છે?

- ભૂગોળ અને પુરાતત્ત્વશાસ જેવા પ્રાકૃતિક વિજ્ઞાનોએ ઇતિહાસને સમૃદ્ધ બનાવ્યું છે.

8. ભારતમાં પોર્ટુગીઝોનું મુખ્ય મથક કયું હતું?

- ગોવા એ પોર્ટુગીઝોનું ભારતમાં મુખ્ય મથક હતું .

9. પોર્ટુગીઝ કંપની ભારતમાં કયા નામે ઓળખાતી હતી ?

- પોર્ટુગીઝ કંપની ભારતમાં ''એસ્ટાડોડા ઇન્ડિયા'ના નામે ઓળખાતી હતી.

10. કોલમ્બોથી ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કેટલા દસ્તાવેજો પ્રાપ્ત થયા છે ?

- શ્રીલંકાના કોલમ્બોથી ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના 8000થી પણ વધુ દસ્તાવેજો પ્રાપ્ત થયા છે.

11. 18મી સદીમાં ભારતની કયાં ફ્રેન્ચ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી ?

- 18મી સદીમાં ભારતમાં બર્નિયર, ટેવરનિયર અને થેવેને જેવા ફ્રેન્ચ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

12. ભારતમાં બ્રિટીશ તાજનું શાસન કેટલા વર્ષ રહ્યું હતું ?

➢ ભારતમાં ઈ.સ. 1857 થી ઈ.સ. 1947 સુધી એટલે કે 90 વર્ષ સુધી બ્રિટીશ તાજનું શાસન રહ્યું હતું.

13.1857ના મહાવિદ્રોહ વિશે સૌપ્રથમ લખાણ કોને કર્યું?

➢ 1857ના મહાવિદ્રોહ વિશે સૌપ્રથમ લખાણ ઈ.સ. 1859માં સર સૈયદ અહેમદે કર્યું હતું.

14. ભારતીય સ્વતંત્ર સંગ્રામના નેતાઓ પૈકી કયાં નેતા વિશે સૌથી વધુ લખાણ પ્રાપ્ત થાય છે ?

➢ ભારતીય સ્વતંત્ર સંગ્રામના નેતાઓ પૈકી મહાત્મા ગાંધીજી વિશે સૌથી વધુ લખાણ પ્રાપ્ત થાય છે.

15. રાજા રામમોહનરાય શેના પિતા ગણાય છે ?

➢ રાજા રામમોહનરાય એ ભારતીય નવા ગૃતિ અને પત્રકારત્વના પિતા ગણાય છે.

16. મહાત્મા ગાંધીજીએ કયા વર્તમાનપત્રોનું સંચાલન કર્યું હતું ?

➢ મહાત્મા ગાંધીજીએ “પંગ ઈન્ડિયા” અને “હરિજન” નામના વર્તમાનપત્રોનું સંચાલન કર્યું હતું .

17. હિંદના દેશી રજવાડાના સિક્કાઓમાં કઈ લિપિને સ્થાન આપવામાં આવ્યું હતું?

➢ હિંદના દેશી રજવાડાના સિક્કાનોમાં દેવનાગરી (સંસ્કૃત) લિપિને સ્થાન આપવામાં આવ્યું હતું.

18. ભારતમાં વર્તમાનપત્રની શરૂઆત કોને અને ક્યારે કરી?

➢ ભારતમાં વર્તમાનપત્રની શરૂઆત ઈ.સ. 1780માં જેમ્સ એ. હકીએ “બેંગોલ ગેઝેટ” નામના વર્તમાનપત્ર દ્વારા કરી.

19. ગુજરાતના કયાં દેશી રજવાડાંઓના ખતપત્રો ઇતિહાસ સમજવામાં ઉપયોગી બને છે ?

➢ ગુજરાતના ગાયકવાડી શાસન (વડોદરા), કચ્છ અને કાઠિયાવાડનાં દેશી રજવાડાંઓના ખતપત્રો જેને સમયના ઈતિહાસને સમજવામાં ઉપયોગી નીવડે છે.

18. નવજીવન પ્રકાશને ગાંધીજી વિશે કયું પ્રકાશન તૈયાર કર્યું છે?

➢ નવજીવન પ્રકાશને મહાત્મા ગાંધીજીના પત્રવ્યવહારો અને તેમના વિચારો અંગે સો ગ્રંથોમાં ગાંધીજીનો અક્ષરદેહ નામે પ્રકાશન કરેલ છે .

19. ગાંધીજીના જીવન ધૂન પર મહાદેવભાઈ દેસાઈએ લખેલ લખાણો કયાં નામે પ્રસિદ્ધ બન્યા છે ?

➢ ગાંધીજીના જીવનકવન પર મહાદેવભાઈ દેસાઈએ લખેલ લખાણો “મહાદેવભાઈ ડાયરી” ના નામે પ્રસિદ્ધ બન્યા છે.

20. બ્રિટિશ શાસન અંગે જાણકારી આપતા કેટલા ગ્રંથો લંડનમાં જળવાયેલાં છે ?

- બ્રિટિશ શાસન અંગે જાણ કારી આપતા અંદાજીત 50,000થી વધુ ગ્રંથો લંડનમાં ઈન્ડિયા ઓફિસ પુસ્તકાલયમાં જળવાયેલાં

21. ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ભારત સંબંધિત માહિતી ક્યાંથી પ્રાપ્ત થાય છે ?

- ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની ભારત સંબંધિત માહિતી બટાવિયામાંથી પ્રાપ્ત થાય છે.

22. ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની બીજા કયા નામે ઓળખાતી હતી ?

- ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપની VOC = Vereenigde OostIndische Compagnie વેરિનિસ્સી ઉસ્ટ ઈન્ડિઝ કેમ્પયના નામે ઓળખાય છે.

23. અડધી રાત્રે આઝાદીના લેખક જણાવો ?

- અડધી રાત્રે આઝાદી નામનું પુસ્તક લેપિન્સ અને કોલિયરે લખ્યું

24. બ્રિટિશ કંપની ભારતમાં કયા નામે ઓળખાતી હતી ?

- બ્રિટિશ કંપની ભારતમાં ‘‘બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની’’ના નામે ઓળખાતી હતી.